


# ચતુર તેનાલીરામ


પુનર્કથનઃ
યોગેશ જોષી



પ્રકાશક

ZEN OPUS

Zen Opus
www.zenopus.in


તેનાલીરામ

# તેનાલીરામનો વિજયનગરમાં પ્રવેશ

તેનાલીરામ ગામડે રહેતા ત્યારની વાત.

એક વાર તેનાલીરામને થયું, અહીં ગામડાગામમાં તો મારી બુદ્ધિની શું કદર થવાની?

કોઈ રીતે વિજયનગરના દરબારમાં પહોંચી શકાય તો કેવું સારું!

ત્યાં એમના કાને વાત આવી-આજે વિજયનગરના રાજગોર ગામના મંદિરમાં પૂજા માટે આવ્યા છે.

તેનાલીરામ તો તરત ઊપડ્યા.

એમણે રાજગોરને પોતાનો પરિચય આપ્યો ને પછી કહ્યું: "તમારી સેવાનો મને લાભ આપો."

પછી ધીમે રહીને તેનાલીરામે પોતાની ઇચ્છા પ્રગટ કરી : "કોઈ રીતે આપ મને વિજયનગરના દરબારમાં પ્રવેશ કરાવી આપો?"

રાજગોરે કહ્યું : "તું વિજયનગરમાં તો આવી જા. પછી દરબારમાં પ્રવેશનું વિચારીશું."

તેનાલીરામ તો એક દિવસ વિજયનગર પહોંચી ગયા ને વિજયનગરનો વૈભવ જોતા જ રહી ગયા.

દૂરથી રાજગોરનો મહેલ જોઈને તેનાલીરામની આંખો પહોળી જ રહી ગઈ.


તેનાલીરામ

તેમને થયું, રાજગોરનો મહેલ આવો ભવ્ય છે

તો રાજાનો મહેલ તો કેવોય હશે...!

મહેલની બારીમાંથી રાજગોરે તેનાલીરામને જોઈને વિચાર્યું, અરે! મેં તો અમથું જ કહ્યું'તું. પણ આ ગામડિયો તો સાચે જ અહીં વિજયનગર આવી ટપક્યો!

રાજગોરે તરત એક સેવકને બોલાવીને કહ્યું: "આપણા મહેલ સામે તાકી રહેલો પેલો ગામડિયો દેખાય છે ને? એ કોઈ ઠગ લાગે છે... એને મારીને ભગાડી મૂકો."


તેનાલીરામ રાજગોરના મહેલમાં પ્રવેશ કરવા જતા જ હતા ત્યાં તો પેલો સેવક આવી પહોંચ્યો ને એણે તેનાલીરામને ધક્કા મારીને ભગાડી મૂક્યા.

તેનાલીરામ મોટેથી બોલતા રહ્યા : "પણ રાજગોરે જ મને અહીં બોલાવ્યો છે!"

જવાબમાં સેવક પણ બોલતો રહ્યો: "મનેય રાજગોરે જ કહ્યું છે, તને ધક્કા મારીને કાઢી મૂકવો."

તેનાલીરામ નિરાશ થઈ ગયા પણ હિંમત હાર્યા નહીં. દિવસો સુધી નગરમાં આમતેમ ફરતા રહ્યા.

એક દિવસ વહેલી સવારે તેનાલીરામ નદીકિનારે પહોંચ્યા ને જોયું તો રાજગોર નદીમાં સ્નાન કરતા હતા ને કિનારે એમનાં કપડાં પડ્યાં હતાં. તેનાલીરામે ઝટ એ કપડાં લઈ લીધાં ને એક ઝાડની બખોલમાં છુપાવી દીધાં. પછી તેઓ એ ઝાડની પાછળ છુપાઈને ઊભા રહ્યા.


તેનાલીરામ

રાજગોર નદીમાંથી સ્નાન કરીને બહાર આવ્યા ને જુએ છે તો કપડાં નથી! એમણે જોરથી બૂમ પાડી : "મેં મારાં કપડાં અહીં મૂકેલાં. ક્યાં ગયાં?"

તેનાલીરામ તરત ઝાડ પાછળથી બહાર આવ્યા અને બોલ્યાઃ "તમારાં કપડાં મારી પાસે છે. મને તમારા ખભે બેસાડીને રાજમહેલમાં લઈ જાઓ તો જ હું કપડાં પાછાં આપીશ."

'હા' પાડ્યા સિવાય હવે રાજગોરનો છૂટકો નહોતો. તેનાલીરામે રાજગોરને કપડાં પાછાં આપ્યાં. રાજગોરે કપડાં પહેર્યાં કે તરત તેનાલીરામ એમના ખભા પર ચઢી ગયા ને બોલ્યાઃ "તબડક... તબડક..."

આમ, રાજગોરનો વરઘોડો નગર વચ્ચેથી ચાલ્યો... વરઘોડો જોવા લોકોનાં ટોળાં ઊમટ્યાં. આખરે રાજગોર રાજમહેલ પાસે આવી પહોંચ્યા.


બહાર કોલાહલ સાંભળી રાજા ઝરૂખામાં આવ્યા. એમણે દૂરથી જોયું તો – આ શું? રાજગોરના ખભે ચઢીને આ કોણ બેઠું છે?

રાજા તો ક્રોધે ભરાયા...

રાજાએ બે દરવાનોને બોલાવ્યા ને કહ્યુંઃ "પણે જુઓ... લાગે છે કોઈ ઠગ આપણા રાજગોરના ખભે ચઢી બેઠો છે.

એને બરાબરનો મેથીપાક ચખાડો ને રાજગોરને સન્માનપૂર્વક અહીં લઈ આવો."

બેય દરવાન નવા જ નોકરીએ લાગેલા. આથી તેઓ રાજગોરને ઓળખતા નહોતા.


તેનાલીરામ

એમણે દૂરથી જોયું તો એક માણસ ચાલતો હતો ને બીજો એના ખભે બેઠેલો. બેય દરવાનને પોતાનું શૂરાતન બતાવવાની પહેલી જ વાર તક મળી. તેમણે નક્કી કર્યુંઃ ખભે બેઠો છે એને બરાબરનો ઝૂડી નાખીએ. એમાં જરીકે કસર નથી રાખવી. ને એને ખભે ઊંચકીને ચાલનારને માન સાથે દરબારમાં લઈ આવીએ.

દૂરથી તેનાલીરામે જોઈ લીધેલું કે ગુસ્સામાં રાજા એમના દરવાનોને કોઈક આજ્ઞા આપી રહ્યા છે.

તરત તેનાલીરામ રાજગોરના ખભેથી નીચે ઊતરી ગયા અને રાજગોરને પગે લાગતાં બોલ્યાઃ “માફ કરો, ગુરુદેવ, માફ કરો... મને આવી કુબુદ્ધિ કેમ સૂઝી? મને આવું પાપ કરવાનું કેમ સૂઝ્યું? હવે એના પ્રાયશ્ચિત્ત માટે હું તમને મારા ખભે બેસાડીશ ને નગર આખામાં ફેરવીશ.”

તેનાલીરામે ઝટ રાજગોરને ઊંચક્યા, ફટ્ ખભે બેસાડ્યા ને સામેથી પેલા દરવાનો આવતા હતા એ દિશામાં તેઓ ચાલવા લાગ્યા...

દરવાનો દોડતા આવી પહોંચ્યા. એમણે તેનાલીરામના ખભે બેઠેલા રાજગોરને નીચે ઉતાર્યા ને બરાબરના ઝૂડી નાખ્યા. ત્યારપછી તેઓ તેનાલીરામને માનભેર દરબારમાં લઈ આવ્યા.

તેનાલીરામને થયું, ચાલો, રાજદરબારમાં તો આવી ગયા!

રાજગોરના બદલે તેનાલીરામને જોઈ રાજાને પહેલાં તો આશ્ચર્ય થયું. પછી થયું, આ ઠગ ખૂબ ચાલાક લાગે છે. મારે એને બરાબરની સજા કરવી જોઈએ.


તેનાલીરામ

રાજાએ ગુસ્સે થઈને પૂછ્યું: "કોણ છે તું? રાજગોરના બદલે તું અહીં ક્યાંથી?"

તેનાલીરામે હાથ જોડીને કહ્યું: "મહારાજ, હું તેનાલી ગામનો રામન."

પછી તેનાલીરામે પોતાને રાજદરબારમાં આવવાની ઇચ્છા થયેલી ત્યારથી માંડીને પોતાને દરવાનો અહીં કઈ રીતે લઈ આવ્યા ત્યાં સુધીની બધીયે વાત રાજાને કહી સંભળાવી.

પછી તેનાલીરામે હાથ જોડીને રાજાને કહ્યું: "મહારાજ, મેં બધીયે સાચી હકીકત આપને જણાવી. હવે આપ મને જે પણ સજા કરશો તે ભોગવવા હું તૈયાર છું."

રાજા તેનાલીરામની બુદ્ધિ, નમ્રતા, નિર્ભયતા વગેરે ગુણોથી ખૂબ જ પ્રભાવિત થયા.




તેમણે કહ્યું: "તેનાલીરામ, તારા જેવા બુદ્ધિશાળી માણસની મારા રાજદરબારમાં ખૂબ જરૂર છે. તું અહીં જ રહી જા."

તેનાલીરામ રાજાને હાથ જોડી બોલ્યા, "હું ધન્ય થયો મહારાજ... મારું સ્વપ્ન સાકાર થયું."

પછી રાજાએ તેનાલીરામને રહેવા એક સુંદર ઘર આપ્યું અને રાજદરબારમાં માનભર્યું સ્થાન આપ્યું.

ત્યારથી રાજ્યનાં સુખદુઃખમાં તેનાલીરામ ચતુરાઈનાં અનેક કામો કરતા રહ્યા ને રાજ્યની કીર્તિ ચારે બાજુ ફેલાવતા રહ્યા.


તનાલીરામે

# માની અંતિમ ઇચ્છા

તેનાલીરામ નવા નવા વિજયનગરમાં આવેલા ત્યારની વાત. તેનાલીરામે જોયું કે વિજયનગરના બ્રાહ્મણો કોઈ ને કોઈ વાતે રાજાને સાચું-ખોટું સમજાવતા ને ભેટસોગાદો મેળવતા. તેનાલીરામ દરબારમાં નવા નવા આવેલા, તે શરૂ શરૂમાં તો ચૂપ રહ્યા.

એક દિવસ દરબાર ભરાયો. વાતમાંથી વાત નીકળી ને મહારાજ ગળગળા થઈને બોલ્યાઃ “મરણ અગાઉ મારી માતાને કેસર કેરી ખાવાનું મન થયેલું. પણ દિવાળીના દિવસોમાં તો કેસર કેરી મળે ક્યાંથી? આથી મારી માતાની અંતિમ ઇચ્છા અધૂરી જ રહી ગઈ.




હવે...? એમના આત્માને શાંતિ મળે એ માટેનો કોઈ ઉપાય ખરો?”

બ્રાહ્મણો તો આવી તકની જ રાહ જોતા.

રાજગોરે એમની લાંબી ચોટલી પર હાથ ફેરવ્યો ને પછી ધીમેથી બોલ્યાઃ “મહારાજ, રાજમાતાના આત્માની શાંતિ માટે એક ઉપાય છે...”

રાજા અધીરા થઈ ઊઠ્યાઃ “તો ઝટ એ ઉપાય બતાવો, રાજગોર...”

રાજગોરની આંખો પહેલાં પહોળી થઈ ને પછી ઝીણી.


તેનાલીરામ

પછી આંખો મીંચીને રાજગોર બોલ્યાઃ “સાત બ્રાહ્મણોને જમાડવા ને જમાડ્યા પછી દરેક બ્રાહ્મણને સોનાની એક-એક કેરી દક્ષિણામાં આપવી. આથી રાજમાતાના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થશે.”

આ સાંભળીને રાજા તો રાજીરાજી થઈ ગયા. પણ તેનાલીરામને થયું, આ બ્રાહ્મણોને સીધા તો કરવા જોઈએ. પણ અત્યારે હું કંઈ બોલીશ તો મહારાજને લાગશે કે હું રાજમાતાના આત્માની શાંતિમાં ખલેલ પહોંચાડું છું. આથી બ્રાહ્મણોના બદલે ઊલટાનો હું જ દંડાઈશ. માટે અત્યારે તો ચૂપ રહું. સમય આવશે ત્યારે વાત.

રાજાએ તો સાત બ્રાહ્મણોને જમાડ્યા ને સાતેયને સોનાની એકએક કેરી દક્ષિણામાં આપી.



આ વાતને થોડા દિવસો વીતી ગયા. ત્યાં તેનાલીરામની માતાનું અવસાન થયું.

તેનાલીરામે પણ રાજગોર સહિત સાત બ્રાહ્મણોને પોતાના ઘેર જમવા તેડ્યા, આસન પાથર્યાં. બ્રાહ્મણો જમવા બેઠા. ભોજન પીરસાયું.

તેનાલીરામે આગ્રહ કરીકરીને બ્રાહ્મણોને લાડવા ખવડાવ્યા.

છેલ્લે બ્રાહ્મણો દાળ-ભાત ખાઈ


તેનાલીરામ

રહ્યા'તા ત્યાં તેનાલીરામે એમના સેવકોને હુકમ કર્યોઃ "હવે દક્ષિણામાં ગરમ સળિયાથી બધાય બ્રાહ્મણોના ઢીંચણ પર ડામ દો."

સેવકોએ લોખંડના સળિયા લાલચોળ તપાવીને તૈયાર રાખેલા. એનાથી તેઓ બ્રાહ્મણોના ઢીંચણ પર ડામ દેવા લાગ્યા. બ્રાહ્મણો બૂમાબૂમ કરતા ભાગ્યા. જઈને રાજાને ફરિયાદ કરી.

રાજાએ તેનાલીરામને પકડી લાવવા સિપાહીઓ મોકલ્યા...

સિપાહીઓ તેનાલીરામને પકડી લાવ્યા.

રાજાએ પૂછ્યુંઃ "બ્રાહ્મણોને જમાડ્યા પછી દક્ષિણા આપવાને બદલે તમે ડામ દીધા? તમારું ચસકી ગયું છે કે શું? આ ગુના માટે તમને કેદની સજા શા માટે ન કરવી?"

રાજા ગુસ્સામાં બોલતા રહ્યા... તેનાલીરામ ચૂપચાપ સાંભળતા રહ્યા.



રાજા બોલી રહ્યા ત્યારપછી તેનાલીરામ ધીમા સાદે બોલ્યા : "મહારાજ, મારી માતાને ઢીંચણનો વા હતો. ઢીંચણ સખત દુખતા. એક વૈદે કહેલું કે ઢીંચણ પર ડામ દેવામાં આવે તો મારી માતાનો વા મટી જાય. પણ ઢીંચણ પર ડામ દેવામાં આવે એ પહેલાં તો મારી માતા અવસાન પામી. આમ, ઢીંચણ પર ડામ દેવડાવીને સાજા થવાની


તેનાલીરામ

તેની અંતિમ ઇચ્છા અધૂરી જ રહી ગઈ. તે મને થયું, બ્રાહ્મણોને જમાડીને દક્ષિણામાં ડામ દીધા હોય તો મારી માતાની અંતિમ ઇચ્છા પૂરી થાય...

આ સાંભળીને રાજા તો ગુસ્સાથી રાતાચોળ! બોલ્યા : "તેનાલીરામ, આજે તમને થયું છે શું? તમારી બુદ્ધિ ચરવા ગઈ છે કે શું? બ્રાહ્મણોને ડામ દેવાથી તે કંઈ તમારી માતાની અધૂરી રહેલી ઇચ્છા પૂરી થતી હશે?"

આ સાંભળીને રાજગોર, મંત્રીઓ તથા બધા દરબારીઓ રાજીરાજી થવા લાગ્યા. તેમને થયું, હવે મહારાજ તેનાલીરામને સખત સજા ફટકારશે.

તેનાલીરામ મહારાજને હવે શો જવાબ આપે છે એ સાંભળવા સૌ અધીરા થઈ ગયા.

તેનાલીરામ શાંતિથી બોલ્યા : "મહારાજ, બ્રાહ્મણોને સોનાની કેરીઓની દક્ષિણા આપવાથી જો રાજમાતાની કેરી ખાવાની અંતિમ ઇચ્છા પૂરી થતી હોય તો શું બ્રાહ્મણોને ડામ દેવાથી મારી માતાનો ઢીંચણનો રોગ દૂર કરવાની અંતિમ ઇચ્છા પૂરી ન થાય?"

તેનાલીરામની વાત સાંભળી રાજા બધું સમજી ગયા. બ્રાહ્મણોનાં માથાં શરમથી ઝૂકી ગયાં.

રાજા તેનાલીરામને શાબાશી આપતાં બોલ્યાઃ "વાહ! તેનાલીરામ, લાલચુ બ્રાહ્મણોને તમે ઠીક પાઠ ભણાવ્યો."

